BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# 2021 માં સીટી ઓફ બ્રેમ્પટનને ફોર્બ્સ દ્વારા કેનેડાના શ્રેષ્ઠ એમ્પ્લોયર્સ પૈકી એક હોવાની માન્યતા મળી

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જાન્યુઆરી 27, 2021) – સીટી ઓફ બ્રેમ્પટનને ફોર્બ્સ દ્વારા કેનેડામાં 300 ટોચના એમ્પ્લોયર્સની યાદી મુજબ, 2021 માટે કેનેડાના શ્રેષ્ઠ એમ્પ્લોયર્સ પૈકી એક હોવાની માન્યતા મળી.

આ સતત ત્રીજી વાર બન્યું છે જ્યારે સીટીને ફોર્બ્સની યાદી પર દરજ્જો મળ્યો હોય. આ વર્ષે, સીટીને 300 માંથી 58મું સ્થાન મળ્યું.

ફોર્બ્સે કેનેડાના શ્રેષ્ઠ એમ્પ્લોયર્સના વાર્ષિક ક્રમાંકનમાં કર્મચારીઓને ગમતી શ્રેષ્ઠ કંપનીઓ ઓળખી કાઢવા માર્કેટ રિસર્ચ કંપની સ્ટેટિસ્ટા (Statista) સાથે ભાગીદારી કરી હતી.

ફોર્બ્સ અને સ્ટેટિસ્ટાએ 2021 માટે કેનેડાના શ્રેષ્ઠ એમ્પ્લોયર્સની પસંદગી કેનેડામાં 500 ઉપરાંત કર્મચારીઓવાળી કંપનીઓ માટે કાર્યરત 8000 ઉપરાંત કેનેડિયન કર્મચારીઓના વિશાળ નમૂના માટે અરજીના સ્વતંત્ર સર્વે મારફતે કરી હતી. આ મૂલ્યાંકન કર્મચારીઓની સીધી અને આડકતરી ભલામણો આધારિત હતું જેમાં પોતાના એમ્પ્લોયર્સની ભલામણ મિત્રો અને કુટુંબીજનોને કરવા કર્મચારીઓને પોતાની તૈયારીનું ક્રમાંકન કરવાનું કહેવામાં આવ્યું હતું. કર્મચારી મૂલ્યાંકનોમાં અન્ય એમ્પ્લોયર્સનો સમાવેશ કાં તો હકારાત્મક રીતે અથવા તો નકારાત્મક રીતે રહેલા પોતાના સંબંધિત ઉદ્યોગોમાં પણ થતો હતો.

**ઝડપી હકીકતો**

- નવેમ્બર 2019 માં, સીટી ઓફ બ્રેમ્પટને કાર્યસ્થળે વિવિધતા અને સમાવેશ વ્યૂહરચના અને કાર્ય યોજના પાંચ વર્ષ માટે બનાવી. તે બહુ સર્વગ્રાહી સંસ્થાગત સંસ્કૃતિને પોષવાની તકો નિર્ધારિત કરે છે જે પોતાના લોકોને પ્રવૃત્તમય રાખે, લોકોનો વિકાસ કરે અને લોકો સાથે ઉજવણી કરે, અને આ રીતે વૈવિધ્યસભર કાર્યબળને આકર્ષતી હોય.
- ડિસેમ્બરમાં, સીટીએ ઘોષણા કરી કે સીટી પોતાના કર્મચારીઓ અને નાગરિકોને સેવા આપવા ઈક્વિટી ઓફિસનો પાયો નાખી રહ્યું હતું. ઈક્વિટી ઓફિસ કાર્યસ્થળે અને સમુદાયમાં અવરોધકો ઓળખી કાઢવા અને કાઢી નાખવા પર ધ્યાન આપશે, જેમાં સમુદાયનો વંશ, કૂળ, મૂળ દેશનું સ્થળ, રંગ, વંશીય મૂળ, અશક્તતા, નાગરિકત્વ, જાતિ, લિંગ, જાતીય અભિગમ, લિંગ ઓળખ, સરખા લિંગની ભાગીદારી, ઉંમર, વૈવાહિક સ્થિતિ, કૌટુંબિક મોભો, ઈમિગ્રાન્ટ સ્ટેટસ, જાહેર સહાયતા મેળવવી, રાજકીય જોડાણ, ધાર્મિક જોડાણ, સાક્ષરતાનું સ્તર, ભાષા અને/અથવા સામાજિક-આર્થિક સ્થિતિ ભલે ગમે તે હોય.

**અવતરણો (ક્વૉટ્સ):**
"સીટી ઓફ બ્રેમ્પટન એક સુસંચાલિત શહેર છે, અને અમારા કર્મચારીઓ આપણાં રહેવાસીઓ માટે એવા સમુદાયનું નિર્માણ કરવા સમર્પિત છે જે સુરક્ષિત, કાયમી અને સફળ રહે. અમને સતત ત્રીજા વર્ષ માટે, ફોર્બ્સ દ્વારા કેનેડાના શ્રેષ્ઠ એમ્પ્લોયર્સ પૈકી એક તરીકે મળેલી માન્યતા માટે ગૌરવ છે!" અમે ભૂતપૂર્વ અને હાલના અમારા કર્મચારીઓ માટે પસંદગીના એમ્પ્લોયર હોવાનું ચાલુ છે."
*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

"બ્રેમ્પટન એક મોઝેઈક (રચના) છે, અને શહેરમાં અમે વૈવિધ્યસભર કાર્યબળ (વર્કફોર્સ) વિકસાવવાનું ચાલુ રાખી રહ્યાં છીએ જે અમે સેવા આપીએ છીએ તે સમુદાયને પ્રતિબિંબિત કરે છે. અમારી કાર્યસ્થળે વિવિધતા અને સર્વગ્રાહી વ્યૂહરચના અને કાર્ય યોજના અને ઈક્વિટી ઓફિસ તરીકે આવી પહેલો મારફતે, અમે બધી વ્યક્તિઓ સાથે નિષ્પક્ષ અને ન્યાયી વ્યવહાર, અને સીટી કર્મચારીઓ માટે સુમેળભર્યા વાતાવરણની ખાતરી કરાવવા કાર્યરત છીએ."
*- હરકિરત સિંહ (Harkirat Singh), અધ્યક્ષ, કોર્પોરેટ સેવાઓ; સીટી કાઉન્સિલર, વોર્ડ્સ 9 અને 10, સીટી ઓફ બ્રેમ્પટન*

“સીટી કાર્યસ્થળે અવરોધો હટાવવા પગલાઓ લેવાનું ચાલુ રાખે છે જેથી કરીને તે સૌ માટે નિષ્પક્ષ અને યોગ્ય રહે. અમે અમારા એ કર્મચારીઓ માટે તકો ઊભી કરવા સમર્પિત છીએ જેઓ આપણાં રહેવાસીઓને સેવા આપવા, અને સર્વગ્રાહી અને સંલગ્ન કાર્યસ્થળ સંસ્કૃતિનું નિર્માણ કરવા ઉત્સાહી હોય. અમને ફોર્બ્સ દ્વારા કેનેડાના શ્રેષ્ઠ એમ્પ્લોયર્સ પૈકી એક હોવાની ફરીથી મળેલી માન્યતા માટે ગૌરવ છે”
*- રૉવેના સેન્ટોસ (Rowena Santos), પ્રાદેશિક કાઉન્સિલર વૉર્ડ્સ 1 અને 5; ઉપપ્રમુખ, કોર્પોરેટ સર્વિસીસ, સીટી ઓફ બ્રેમ્પટન*

“અમારા કર્મચારીઓ માટે કેનેડાના શ્રેષ્ઠ એમ્પ્લોયર્સ પૈકી એક હોવાની માન્યતા સતત ત્રીજા વર્ષે ફોર્બ્સ પાસેથી મળવી એ સર્વગ્રાહી સંસ્કૃતિને પોષવાના શહેરના ઉત્સાહનું ઉદાહરણ પૂરું પાડે છે જે આપણાં લોકોને વૈવિધ્યસભર કાર્યબળને આકર્ષવા પ્રવૃત્તમય રાખે છે, વિકસાવે છે અને ઉજવે છે.  હું અમારી સંસ્થામાં અમારા એ કર્મચારીઓ, તેઓનો વિશ્વાસ અને ફાળોની કદર કરવા ઇચ્છું છું; જેઓ બ્રેમ્પટનવાસીઓને પરિણામો અપાવવામાં સતતપણે સમર્પિત અને અમે સેવા આપીએ છીએ તે વૈવિધ્યસભર સમુદાયથી ઉત્સાહિત રહ્યાં હોય.”
*- ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તેમાં 70,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca